**રે. દિ. મુ.નં. 30/2024**

**–:આંક–૫ ની મનાઈઅરજી લગત હુકમ :–**

**(૧)** આ આંક–૫ ની મનાઇ અરજી આ આંક ૫ ની મનાઇ અરજી હેઠળ હુકમ થતો હોઇ અરજીની વિગતોનું પનરાવર્તન ટાળવા મનાઇ અરજી ની વિગતોનો ઉલ્લેખ કરેલ નથી.

**(૨)** પ્રતિવાદીઓને દાવા તથા મનાઇઅરજીનો સમન્સ તથા નોટીસ બજી જતા તેઓના વકીલશ્રી દ્વારા હાજર થઇ આંક ૨૮ થી દાવાઅરજ તથા મનાઇઅરજોનો સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ છે. તેમં તેઓ મુખ્યત્વે જણાવેલ છે કે,દાવાવાળી જમીન મોજે– ભાટપુર તા. વિરપુર ;ના વડીલો પાર્જિત ખેતીની જમીન આવેલી છે. વર્ષો પહેલા ભાઈઓ ભાગે કુટુંબીક વહેચણી સ્થળ ઉપર તેઓ વાદીઓ અને પ્રતિવાદીઓ તેમજ અન્ય કુટુંબીઓ વચ્ચે થયેલ છે. હદ નિશાની શેઢા,પાળા, થયેલ છે. સર્વે નંબર 80 રેવન્યુ સર્વે નંબર 30 જેમાં ક્ષેત્રફળ –જરાયત –૩.૭૯.૩૦ છે અને પોત ખરાબાનું ક્ષેત્રફળ ૦.૪૭.૬૫ છે અને આમ સર્વે નંબરમાં કુલ પોત ખરાબા સાથેની કુલ ક્ષેત્રફળ ૪.૨૬.૯૫ થાય છે અને આકાર રૃ ૬.૨૫ થાય છે અને સદર સર્વે નંબરમાં કુલ સાત હિસ્સા સરખે ભાગે પડેલ છે જેમાં દરેક હિસ્સામાં પોત ખરાબા સિવબાય ૦.૫૪.૧૮ ના સરખે ભાગે હિસ્સા પડેલ છે અને તે દરેકનાં તે પ્રમાણે સાત હિસ્સા પડેલ છે અને તેમાં પોત ખરાબાના ભાગ પડેલ નથી અને પોત ખરાબાની મિલ્કત આજે પણ તેઓ સાતે સાતના હિસ્સામાં સરખા બાગે આવેલ છે અને તે પોત ખરાબાની મિલ્કત સરખા ભાગે વહેચણી કરવામાં આવેલ છે. સદર મિલ્કતો જોવા જાઇએ તો તેઓ સર્વે નંબર ૩૦ ના કુલ સાત હિસ્સામાં પડેલ છે અને તેઓ પ્રતિવાદીઓના ભાગમાં સર્વે નંબર ૩૦/પૈકી ૬ અને ખાતા નંબર ૨૩૭ ક્ષેત્રફળ હે.આરે. ચોમી ૦,૫૪,૨૨ આકાર રૃ ૦.૮૫ વાળી મિલકત તેઓ પ્રતિવાદીઓના હિસ્સામાં આવેલ છે અને મુળ સર્વે નંબર ૩૦ માં પોત ખરાબાની મિલ્કત ક્ષેત્રફળ ૦.૪૭.૬૫ છે જેના હિસ્સા મૌખિક પાડેલા છે અને તે પ્રમાણે દરેકના હિસ્સે ૦.૦૬.૮૦ આવે છે અને તે પ્રમાણે દરેક હિસ્સામાં પોત ખરાબો આવે છે અને તે પ્રમાણે તેઓના હિસ્સામાં ક્ષેત્રફળ ૦.૦૬.૮૦ ઘણતા કુલ ક્ષેત્રફળ ૦.૬૧.૦૨ થાય છે. આમ, દરેકના હિસ્સામાં આવેલ છે. તેમ છતાં આ કામના વાદી પોત ખરાબાની મિલ્કત ખોટી રીતે પડાવી લેવા માટે દાવો કરેલ છે જેમાં આ કામના વાદીઓનો કોઇ દાવો કે હક્ક અધિકાર કે કબજો આવેલો નથી. જેથી પણ વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરવા વિનંતી કરેલ છે.

**(૩)** પ્રસ્તુત કામે વાદી તરફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>વાદી તરફે દસ્તાવેજી પુરાવા..</u>**

(૧) નિ.૩/૧ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં. 30 ઉતારાની ઝેરોક્ષ નકલ
(૨) નિ.૩/૨ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં. 30/ પૈકી ૩ ની ગામના નમુના નં ૭ ના ઉતારાની ઝેરોક્ષ નકલ
(૩) નિ. ૩/૩ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં.૨૫૫ ની ગામના નમુના નં૮ અ ઉતારાની ઝેરોક્ષ નકલ
(૪) નિ.૩/૪ થી મોજે ભાટપુર ગ્રામપંચાયત નમુના નં ૮ આકારણી પત્રક ઝેરોક્ષ નકલ
(૫) નિ. ૩/૫ થી મોજે ભાટપુર ગ્રામપંચાયત પંચાયત હિસાબ ના નમુનો ક્રમાંક ૪ ઝેરોક્ષ નકલ
(૬) નિ. ૩/૬ થી મોજે ભાટપુર ગ્રામપંચાયત નમુના નં ૮ આકારણી પત્રક ઝેરોક્ષ નકલ
(૭) નિ. ૩/૭ થી મોજે ભાટપુર ગ્રામપંચાયત પંચાયત હિસાબ ના નમુનો ક્રમાંક ૪ ઝેરોક્ષ નકલ

**(૪)** પ્રસ્તુત કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા :–</u>**

(૧) નિ.. ૨૯/૧ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં. ખાતા નં.૨૩૭ ની ગામના નમુના નં ૮ અ ઉતારાની ઝેરોક્ષ નકલ

(૨) નિ.. ૨૯/૨ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં. 30/ પૈકી ૬ ન ની ગામના નમુના નં. ૭ ના ઉતારાની ઝેરોક્ષ નકલ

(૩) નિ. ૨૯/૩ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં.30/ પૈકી ૬ ની ગામના નમુના નં ૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલ

(૪) નિ.૨૯/૪ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં.૨૫૨ ની ગામના નમુના નં ૮ અ ના ઉતારાની ઝેરોક્ષ નકલ

(૫) નિ.૨૯/૫ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં. ૩૦ ની ગામના નમુના નં.૭ ના ઉતારાની ઝેરોક્ષ નકલ

(૬) નિ. ૨૯/૬ થી મોજે ભાટપુર ની સીમના સર્વે નં.૨૫૨ ની ગામના નમુના નં ૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલ

**(૫)** વાદી તર્ફે વિ.વ.શ્રી.કે.એમ.માલીવાડની તથા પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી. ડી.જે.સેવક ની મનાઇઅરજીની દલીલો સાંભળી.

આ કામે વાદી તરફે દલીલો વિદ્વાન વકીલ શ્રી કે એસ માલીવાડ દલીલ કરતા જણાવે છે કે, સર્વે નંબર 30 ના કુલ સાત ભાગ પાડવામાં આવેલા છે, જેમાં વાદી અને પ્રતિવાદી તેના ભાગીદારો છે, તે અંગે પક્ષકારો વચ્ચે કોઈ નથી, વીરપુર થી ઉભરાણી જતા રોડ ની દક્ષિણ બાજુએ સર્વે નંબર 30 ના 7 ભાગ પાડવામાં આવેલા છે. પરંતુ રસ્તાની ઉત્તર બાજુએ આવેલ વાદ વાળી જમીન તે ખરાબાની જમીન છે જેમાં વાદીઓના મકાન આવેલા છે, વાદીઓનું તેમાં 40 વર્ષ ઉપરાંત નો કબજો ભોગવટે છે, કોર્ટ દ્વારા વાદગ્રસ્ત જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે. જેમાં પણ દક્ષિણ તરફ ભાગ પડેલા સ્પષ્ટ જણાઈ આવે છે. પરંતુ ઉત્તર પૂર્વ બાજુએ ખરાબાની જમીનમાં ઢોર વિગેરે વાદી બાંધતા આવ્યા છે, અને વાદીઓનો વપરાશ છે. અને પ્રતિવાદીઓના જણાવ્યા અનુસાર તે દાવાવાળી જમીન છે. જો વાદીઓને મને હુકમ આપવામાં આવે તો તેઓના વસવાટ નું શું ? ઘાસચાળાનું વાવેતર પણ ત્યાં કરેલું છે. પ્રતિવાદીઓ આ જમીન છીનવી લે તેવા હોય, વચગાળાનો મનાઈહુકમ આપવા વિનંતી કરેલ છે. આમ પ્રતિવાદીઓનું સમગ્ર કૃત્ય ગેરકાયદેસરનું હોય પ્રતિવાદીઓને અટકાવવા ખૂબ જરૂરી હોય વાદીની મનાઈ અરજી મંજૂર કરવા નમ્ર વિનંતી કરવામાં આવેલ છે.

પ્રતિવાદી તરફે દલીલ કરતા વિદ્વાન વકીલ શ્રી ડી જે સેવક જણાવે છે કે, વાદી જે જગ્યા માટે દાવો લઈને આવેલા છે તે જગ્યા વાદીની એકલાની માલિકીની નથી, તેમાં પ્રતિવાદીઓનો પણ હિસ્સો રહેલો છે, આ જમીન વડવાઓ વખતથી સંયુક્ત માલિકીની હોય, વાદીના ઘર માત્ર હોવાથી, તે સમગ્ર જમીન તેમની થઈ જાય નહીં, જેથી સંયુક્ત માલિકીની જમીન અંગે વાદીને મને હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને ખૂબ અન્યાય થાય તેથી વાદીની મનય અરજી મંજૂર થઈ શકે તેમ નથી. વાદી સંયુક્ત માલિકીની મિલકત અંગે હાલનો દાવો લઈ આવેલા છે, જેથી વાદીનો હાલનો દાવો કાયદા વિરુદ્ધનો હોય રદ થવા પાત્ર છે અને તેમાં આપેલી હાલની અરજી પણ ના

મંજૂર થવા પાત્ર છે.

(6) કોઈપણ દાવામાં મનાઈઅરજીનો નિર્ણય કરતા સમયે કોર્ટે મુખ્ય ત્રણ મુદ્દા તપાસવાના હોય છે. જેમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ ? સગવડતા અગવડતા ની સમતુલા કોની તરફેણમાં છે ? તથા જો મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીને નાણાથી ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે કે કેમ ? જે નક્કી કરતી વખતે પક્ષકારોના પ્લીડિંગ્સ, રજુ દસ્તાવેજો તથા ઉભય પક્ષ તરફેની રજૂઆતો ને ધ્યાને રાખી ઉપરોક્ત મુદ્દાનો નિર્ણય કરવાનો હોય છે.

(7) **<u>પ્રથમ દર્શનીય કેસ</u>:-**

આ કામે વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવા બાબતની ચર્ચા કરતા અગાઉ વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત જોઈએ તો, આ કામે વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવા બાબતની ચરચા કરતાં અગાઉ વાદીની દાવાઅરજીની ટૂંકમાં હકીકતો જોતાં તેમ જણાવ્યા મુજબ.દાવાવાળી જમીનનો મોજે– ભાટપુર તા. વિરપુર ;ના વડીલો પાર્જિત ખેતીની જમીન આવેલી છે. વર્ષો પહેલા ભાઈઓ ભાગે કુટુંબીક વહેચણી સ્થળ ઉપર તેઓ વાદીઓ અને પ્રતિવાદીઓ તેમજ અન્ય કુટુંબીઓ વચ્ચે થયેલ છે. હદ નિશાની શેઢા,પાળા, થયેલ છે. સર્વે નંબર 40 રેવન્યુ સર્વે નંબર 30 જેમાં ક્ષેત્રફળ ૪–૨૬–૬૫,હે.આરે.ચોમી., આકાર રુ ૬.૨૫ વાળી વડીલોપાર્જિત ખેતીની જમીનોમ આવેલી છે. વર્ષો પહેલા ભાઇઓ ભાગે કુટુંબીકઓ વચ્ચે થયેલ છે. હદ–નિશાન,શેઢા–પાળા, થયેલ છે રેવન્યુ દફતરે હક્કપત્રક નં ૬ ની નોંધ નં ૯૩૧, તારીખ ૧૯/૦૮/૨૦૨૦ થી ૭ હિસ્સામાં વિભાજન થઇ રે.સર્વે નં.૩૦,૩૦ પૈકી ૧ થી ૩૦ પૈકી ૬ કુલ ૭(સાત) હિસ્સામાં વિભાજન થઇ ખાતા નંબર તથા રેવન્યુ સર્વે નંબરો અલગ થતાં રેવન્યુ રેકર્ડ ૮(અ),૭/૧૨ અલગ અલગ થયેલા છે. જેમાં તેઓ વાદીઓનો ખાતા નંબર ૨૫૫,રે. સર્વે નં.૩૦ પૈકી ૩, ક્ષેત્રફળ ૦–૫૪–૧૮ હે.આરે.ચો.મી. ખેતીની જમીન આવેલી છે. જેની ઉત્તરે રેવનયુ સર્વે નં.૩૦ ની ખરાબાની જમીન તેઓ વાદીઓના ભાઇઓ ભાગથી વહેંચણીમાં ભાગે આવતા તે જમીનમાં તેઓ વાદીઓના ૪૦ વર્ષ ઉપરાંતથી રહેઠાણના મકાનો તથા આજુબાજુ ઢોર બાંધવા, ઢોરોના ઘાસગંજી તેમજ વાપર–ઉપભોગની ખુલ્લી જમીનનો વાપર–ઉપભોગ પ્રત્યક્ષ કબજા–બોગવટા મુજબ કરતા આવેલ છે.તેઓ વાદી નંબર ૧ થી ૪ નાઓ પંચાયત ઘર નંબર ૩૯ મિલ્કત નંબર ૩૯ વાદી નંબર ૧ ના નામજોગ છેલ્લા ૪૦ વર્ષ ઉપર વાદી નંબર ૨ નાએ ઘર નંબર ૩૯ ની બાજુમાં પાકું મકાન બનાવેલ છે. જેનો પંચાયત ઘર નંબર ૪૦ છે. તેનો રહેણાંક તરીકે વાદીતંરનો ઉપયોગ કરે છે. આ બન્ને મકાનોની પુર્વ બાજુએ મકાનના આંગણાની ખુલ્લી જગ્યા છોડી વાદીઓ નંબર ૧ થી ૪ ની ઢોર બાંદવા, ઘાસગંજી બનાવવા, વાપર–ઉપભોગની ખુલ્લી જગ્યા આવેલ છે. તે દાવાના કામે શ દાવાવાળી જમીન છે. જેની ચર્તુરદીશામાં પુર્વ દીશામાં વિરપુરથી ઉભરણ જતાં પાકા ડામર રસ્તે હદ, પશ્ચિમ દીશામાં વાદીઓ નંબર૧ થી ૪ ના મકાનોના આંગણાની ખુલ્લી જમીને હદ, ઉત્તર દીશામાં કાન્તિભાઇ મસુરભાઇ થતા કાંનાભાઇ ઉદાભાઇ,પુનમભાઇ ઉદાભાઇના પાકા મકાનાએ હદ, દક્ષિણ દીશામાં વિરપુર ઉભરણ જતાં પાકા ડામર રોડે હદ ઉપરોક્ત ચર્તુરસીમાવાળી જમીન પશ્ચિમ બાજુએ ઉત્તર,દક્ષિણ ૮૦ ફુટ આશરે પહોળાઇનું માપ છે, પુર્વ પશ્ચિમ આશરે ૧૫૦ ફુટ લંબાઇ આવેલ છે. જેની આકાર ત્રિકોણાકાર છે. આશરે ૬ ગુંઠા જમીન ચે. જે દાવાના કામે દાવાવાળી મિલ્કત તરીકે ઓળખાય છે. દાવાવાળી જમીન રે.સર્વે.૩૦ ની ખરાબાની જમીન વાદી નંબર ૧ નાઓને ભાઇઓ ભાગની ૪૦ વર્ષ ઉપરની વહેંચણીથી બાગે આવેલ છે અને ત્યારથી વાદીઓ નંબર ૧ થી ૪ નાઓ પ્રત્યક્ષ કબજા–ભોગવટામાં ઢોર બાંદવા, ઘાસગંજીઓ બનાવવા, વાપર–

ઉપભોગ કરતાં આવેલા છે અને હાલમાં તેઓ વાપર– ઉપભોગ કરી રહેલા છે. આ કામના પ્રતિવાદીઓ નંબર ૧ થી ૪ નાઓ છેલ્લા ૧૦(દશ)દિવસથી જમીન વાદીઓ ૧ થી ૪ ના કબજામાંથી પડાવિ લેવા તત્પર અને ઉતાવળા થયેલા ચે. વારંવાર ગાળો બોલી હુમલાઓ કરી વાદીઓને જણવે છે કે તેઓના ઢોર આ જમીન ઉપરથી છોડી લો તથા ઘાસ હટાવી લો, નહિં તો આગ ચાંપી સળગાવી દઇશું. આ જમીન ઉપર તેઓને સમતળ કરી દુકાનો બનાવવાની છે. વાદીઓને અહીં કંઇ લાગતું – વળગતું નથી, આ જમીન ખુલ્લી કરવી પડશે, નહીં તો જાન ખોઇ બેશશો. તેવી વારંવાર ધમકીઓ અને હુમલાઓ કરે છે. પ્રતિવાદીઓ નંબર ૧ થી ૪ નાઓના હુમલાઓ અને બુકણીઓથી વાદીઓની દાવાવાળી જમીન વાદી નંબર ૧ થી ૪ ના કબજામાંથી છીનવાઇ જવાની દહેશત હોય, દાવાવાળી જમીનનું રક્ષણ વાદીઓ લાકડીના જોરે દાવાવાળી જમીન લેવા, પચાવી પાડવા, કબજો કરવા ઉતાવળ થયેલા હોય, વાદીને હાલનો દાવો લાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે, જેમાં વાદીએ વાદીએ દાવાવાળી મિલ્કતવાદી નં. ૧ થી ૪નાઓના ૪૦ વષ" ઉપરાંતના ભાઇઓ ભાગની કૌટુંબીક વહેંચણી મુજબ કબ્જા–ભોગવટા, વાપર–ઉપભોગથી પ્રત્યક્ષ કબ્જામાં આવેલાનું જાહેર કરતો હુકમ કરી આપવા તથા તેઓ સ્વિાય અન્ય કોઇનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ ન હોવાનું જાહેર કરવા તેમજ આ જમીન અંગે પ્રતિવાદીઓ સામે કાયમીમનાઇ હુકમ મેળવવા તથા અન્ય ન્યાયીક દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(8) આમ ઉપરોક્ત પક્ષ નિવેદનો, રેકર્ડ ઉપર નો દસ્તાવેજી પુરાવો, તેમજ પક્ષકારો તરફેની દલીલ ધ્યાને લેતા, સૌપ્રથમ કોર્ટે એ જોવાનું છે કે શું વાદીને પ્રતિવાદી વિરુદ્ધ મને હુકમ મળી શકે તેવો પ્રથમ દર્શનીય કેસ છે ? તે અંગે વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા જોઈએ તો વાદીએ નિશાની 3/1 સર્વે નંબર 30, સરકારી ડુંગરા વાળી જમીનના ગામ નમુના નંબર 7 નું પાના નંબર બે તથા ત્રણ રજૂ કરેલા છે, પાન નંબર એક રજૂ કરેલ નથી આ દસ્તાવેજ જોવામાં આવે તો, સર્વે નંબર 30 ની, પોત ખરાબાની જગ્યા 4765 ચોરસ મીટર હોવાનું જણાવેલું છે, વળી આ પોત ખરાબો " અ" પ્રકારનો છે, તેમ દર્શાવેલ છે. હવે વાદીની દાવા અરજી પ્રમાણે ભાઈઓ ભાગ પડતા જમીન સર્વે નંબર 30/ પૈકી 3 ની આવેલ છે, જેનું ગામ નમૂના નંબર 7 નો ઉતારો આ કામે નિશાની 3 / 2 થી વાદે રજૂ કરેલ છે. જે ઉતારામાં પોત ખરાબ અંગે કોઈ નિર્દેશ નથી. તેથી વિશેષ નિશાની 3/3 થી રજૂ કરેલ વાદીઓની જમીનની ખાતાવહી ગામ નમૂના નંબર 8 અ જોતા પણ તેમાં ખેતીલાયક ઉપયોગ ની જમીન 5418 ચોરસમીટર જમીન વાદીના ભાગે આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. નિશાની ¾ થી 3/7 ના ઘરની આકારણી તથા વેરા પહોંચ રજૂ કરવામાં આવેલ છે. જેથી એમ કહી શકાય કે વાદીના જણાવ્યા મુજબ વાદીના મકાન આવેલા છે. પરંતુ આ મકાન વાદવાળી જગ્યામાં જ આવેલા છે કે કેમ તે અંગે કોઈ ખુલાસો નથી. આમ વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા જોતા વાદીના જણાવ્યા મુજબ વાદીના ભાગમાં આવેલી ખાતા નંબર 30 પૈકી 3 વાળી જમીનમાં પોત ખરાબાની કોઈ એન્ટ્રી નથી. જેથી વાદી જે જમીન અંગે દાવો લઈને આવેલા છે, તે જમીન ફક્ત તેમની માલિકીની કે તેમના ભાગમાં આવેલ હોય તેવો કોઈ પ્રાથમિક દસ્તાવેજી પુરાવો રજૂ કરતા નથી. આ કામે આંક 41 થી પંચનામું તથા આંક 42 થી તેનો કાચો નકશો જોવામાં આવે તો વીરપુર થી ઉભરાણ ના પાકા ડામરોડની ઉત્તર તરફ 6 પાકા મકાન દર્શાવેલા છે, અને આ જગ્યાએ આરસીસી રોડ, કાચો રોડ, તથા પશુ બાંધવાના કાચા માળા વિગેરેસ્થળ ઉપર હોવાનું જણાઈ આવે છે. આમ કાયદાના સિદ્ધાંત મુજબ કાયદા દ્વારા કોઈપણ વ્યક્તિએ કરેલા ગેરકાયદેસરના કૃત્યને કોર્ટના હુકમ વડે રક્ષણ આપી શકાય નહીં. તે આધારે વાદી જે મિલકત એટલે કે પોત ખરાબો અ સત્તા પ્રકારનો હોવા છતાં માત્ર તેમના જ ભાગમાં આવેલ હોવાનું પ્રાથમિક રીતે પુરવાર કરી શકેલા નથી. તેથી વાદીને મનાઈ હુકમ મળી શકે તેવો વાદીનો કોઈ પ્રથમ દર્શનીય

કેસ જણાઈ આવતો નથી. વાદી દાવાઅરજીમાં જણાવે છે તેવી હકીકતો પ્રાથમિક આધારથી માની શકાય તેમ નથી. જેથી વાદીને મનાઈ હુકમ મળી શકે તેટલો સ્ટ્રોંગ કેસ હોવાનું જણાતું ન હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય નહીં.

**(9)** સગવડતા ની સમતુલા:–

વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું વાદી પુરવાર કરી શકેલા નથી અને વાદીના ભાગે કહેવાથી પોત ખરાબાની જમીન આવેલ હોય તેવું પણ પ્રાથમિક રીતે વાદી પુરવાર કરી શકેલા ન હોય ત્યારે વાદીના ગેરકાયદેસરના દબાણ ને સુરક્ષિત કરી શકાય નહીં. વળી હાલના દાવામાં પ્રતિવાદીઓ પોતાના જવાબમાં જણાવે છે તેમ તેમનો પણ આ જમીનમાં હિસ્સો રહેલો હોવાનું તે પુરાવો લીડ કર્યા સિવાય હાલના તબક્કે માની શકાય નહીં. જેથી વાદી દાવાવાળી મિલકતની પોતાની માલિકી પ્રાથમિક રીતે પુરવાર કરી શકેલા ન હોય જો વાદીની આવી મનાઈઅરજી મંજૂર કરવામાં આવે તો વાદીના ગેરકાયદેસરના કોઈ કૃત્યને આપમેળે બળ મળે. જેથી સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં ન હોવાનું હું માનું છું.

**(10)** નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન:–

અહીં જ્યારે વાદીનો પ્રથમ દર્શને કેસ નથી કે વાદીની તરફેણમાં સગવડતા ની સમતુલા નથી ત્યારે અને વાદીએ પોતાના ભાગમાં ન આવેલ હોય તેવી જમીન ઉપર ના કોઈ કૃત્ય અંગે મનાઈ હુકમ આપી શકાય નહીં, જેથી વાદીની માલિકી હોવાનું વાદી પ્રાથમિક રીતે પુરવાર કરતાં ન હોય ત્યારે તેમને નાણાથી કોઈ નુકસાન જશે, તેમ ગણી શકાય નહીં. તેથી વિરુદ્ધ પ્રતિવાદીઓ પણ સર્વે નંબર 30 ના સંયુક્ત માલિક હતા, જેથી આ સમગ્ર જમીનના ભાગ પડતા આ ભાગ ખરેખર કોના ભાગે આવેલ છે તે સર્વે પુરાવો લીડ કર્યા સિવાય જાણી શકાય તેમ નથી. આવા સંજોગોમાં જો મનાય અરજી મંજૂર કરવામાં ન આવે તો વાદીને પોતાના જ કૃત્ય આધારે કોઈ નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થવાની શક્યતા ગણી શકાય તેમ નથી જેથી ઉપરોક્ત તમામ સંજોગો વાદીની મનાઈ અરજી અંગે નીચે મુજબનો હુકમ ફરમાવું છું

## –:: હુ ક મ ::–

વાદીની અરજી મનાઈ અરજી નામંજૂર કરવામાં આવે છે

અરજીનો ખર્ચ દાવાનાના આખરી પરિણામને અનુસરશે.

સદરહું હુકમ આજ રોજ તારીખ 30 મી માહે જુલાઈ અને 2025 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– 30/07/2025

સ્થળ:– વિરપુર.

( દિલીપસિંહ જશવંતસિંહ ભાટી)
GJ01460
પ્રિન્સિપલ સિવિલ જજ, વિરપુર.